# ભારતમાં રાષ્ટ્રવાદ

રાષ્ટ્રવાદ એટલે પોતાના રાષ્ટ્ર પ્રત્યે એકાત્મતા અને ગૌરવની ભાવના. જરૂર પડ્યે પોતાના રાષ્ટ્ર પ્રત્યે તન, મન અને ધન ન્યોછાવર કરવા તૈયાર રહેવાની ભાવના. ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિનાં પરિબળો ખાસ કરીને ઈ.સ. 1857ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ બાદ વિકાસ પામ્યાં. આધુનિક રાષ્ટ્રવાદનો સૌપ્રથમ ઉદ્‌ભવ યુરોપમાં જોવા મળે છે. નવજાગૃતિ, ધર્મસુધારણા, અમેરિકા અને ફ્રાંસની ક્રાંતિઓ, ઈટાલી અને જર્મનીનું એકીકરણ વગેરે પરિબળોએ યુરોપમાં રાષ્ટ્રવાદનો ફેલાવો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી છે. ભારતમાં બ્રિટિશ શાસન હતું. બ્રિટિશરોના સંપર્કને પરિણામે ભારતીયોના રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક દૃષ્ટિકોણમાં ફેરફારો થયા. ભારતમાં આધુનિક રાષ્ટ્રવાદને ઘડનારાં પરિબળો ઊભા થયાં. આપણા દેશમાં આપણું રાજ્ય, એટલે કે 'સ્વરાજ' જોઈએ. આ વિચાર દેશના શિક્ષિત તથા બુદ્ધિશાળી લોકોમાં બ્રિટિશ શાસન દરમિયાન ફેલાતો ગયો. દેશવાસીઓમાં રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત થઈ. આવી રાષ્ટ્રવાદની ભાવના પેદા કરનારાં પરિબળોનો આપણે અભ્યાસ કરીશું.

### (1) રાજકીય :

અંગ્રેજોના શાસન પહેલાં આપણા દેશમાં રાજકીય એકતાનો અભાવ હતો. ભારત નાનાં-મોટાં રજવાડાઓમાં વહેંચાયેલું હતું. અંગ્રેજોએ ભારતના ઘણા રાજવીઓને હરાવીને મોટા ભાગના ભારત ઉપર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અંકુશ સ્થાપી દીધો. અંગ્રેજોના તાબા હેઠળ એકસરખું વહીવટીતંત્ર અમલમાં આવ્યું. અંગ્રેજ શાસનનો અનુભવ એકંદરે સારો ન હતો. આ અને આવાં અનેક કારણોસર અંગ્રેજ શાસન સામેનો વિરોધ ઊભો થયો. ધીરે-ધીરે આ વિરોધ પ્રબળ બનતો ગયો.

### (2) આર્થિક :

અંગ્રેજોની આર્થિક નીતિએ ભારતને પાયમાલ કર્યું. અંગ્રેજો ભારતમાંથી કાચો માલ ઇંગ્લૅન્ડ લઈ જતાં અને ત્યાં ઉત્પાદિત કરેલો તૈયાર માલ ભારતનાં બજારોમાં વેચતાં હતા. ઇંગ્લૅન્ડથી ભારત આવતા તૈયાર માલ પર નજીવી જકાત લેવાતી હતી. જ્યારે હિંદમાં ઉત્પન્ન થતા તૈયાર માલ ઉપર વધુ જકાત લેવાના પરિણામે ભારતમાં ઉત્પન્ન થતો માલ મોંઘો પડતો. જ્યારે ઇંગ્લૅન્ડમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં સસ્તો વેચી શકાતો. આ

હરીફાઈમાં ભારતના હસ્તઉદ્યોગ અને ઉદ્યોગધંધા ટકી શક્યા નહીં. પરિણામે કારીગરવર્ગ બેકાર બન્યો. ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવાની અંગ્રેજનીતિની સામે પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિ વધી.

### (3) વાહન અને સંદેશાવ્યવહાર :

ભારતમાં રેલવે, તાર, ટપાલ, જમીન તથા જળવ્યવહારના માર્ગો લશ્કરી, આર્થિક તથા રાજકીય કારણોસર વિકસાવવામાં આવ્યા હતા; છતાંયે તેનાથી દેશના લોકોને લાભ થયો. આ સાધનોના ઝડપી વિકાસથી વિશાળ દેશના માનવી એકબીજાની નજીક આવ્યા. કારીગર તથા વેપારીવર્ગ ધંધાર્થે એકબીજાના પ્રદેશમાં જવા લાગ્યા. તેમની વચ્ચે વિચારોની આપ-લે વધી. તેમના સંપર્કો વધવાથી જ્ઞાતિ, કોમ અને પ્રદેશના ભેદભાવો ઓછા થયા. રાષ્ટ્રીય નેતાઓ તેમના વિચારો તથા યોજનાઓ પ્રજાના તમામ વર્ગોમાં ફેલાવી શક્યા. **પ્રાદેશિક કક્ષાને બદલે રાષ્ટ્રીય કક્ષાની નેતાગીરી ઊભી થઈ**, જેણે સ્વરાજની સિદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો.

### (4) શિક્ષણ અને સાહિત્ય :


ભારતીય રાષ્ટ્રવાદના ઉદયમાં અંગ્રેજી કેળવણીનો પણ મોટો ફાળો રહ્યો. આ કેળવણીના કારણે પશ્ચિમની વિચારસરણીનાં દ્વાર ઊઘડ્યાં. વિશ્વનું ઘણુંબધું સાહિત્ય અંગ્રેજીમાં હતું. આપણા દેશના લોકો અંગ્રેજી ભાષા શીખ્યા. વિશ્વના પ્રવાહોથી માહિતગાર થયા. આ કારણે અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાંથી લોકશાહીની તથા ફ્રાંસની ક્રાંતિમાંથી સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાની પ્રેરણા મળી. આત્મશ્રદ્ધા વધી અને સૌ ભારતના ઉજ્જ્વળ ભાવિની કલ્પના કરવા લાગ્યા. દેશની પ્રાદેશિક ભાષાઓમાં નવલકથાઓ, નાટકો, વાર્તાઓ, કાવ્યો અને ગીતો વગેરે લખાયાં. આ સાહિત્યે રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો.

**વિચારો**

અંગ્રેજી કેળવણીથી લાભ થયો કે ગેરલાભ ? કઈ રીતે ?

### (5) વર્તમાનપત્રો :

રાષ્ટ્રીય ચેતના ફેલાવવામાં વર્તમાનપત્રોએ નોંધપાત્ર હિસ્સો આપ્યો. બંગાળા, મુંબઈ, મદ્રાસ તથા બીજા પ્રાંતોમાં પ્રસિદ્ધ થતા અખબારોએ સરકારની નીતિઓની ટીકા કરી લોકોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત કરી.


THE HINDU

Union Carbide chief arrested and released

More deaths in Bhopal

વર્તમાનપત્રોનો ફાળો

**વિચારો**

વર્તમાનપત્રોએ રાષ્ટ્રીય ભાવના કઈ રીતે જાગૃત કરી હતી ?

### (6) ભારતનો ભવ્ય વારસો :

પાશ્ચાત્ય પુરાતત્ત્વવિદ એલેકઝાંડર કનિંગહામ તથા તેના મદદનીશોએ ભારતનાં અનેક પ્રાચીન સ્થળોએ ખોદકામ કર્યાં. ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથાના અનેક અવશેષો શોધી કાઢ્યા. ભગવાનલાલ ઈન્દ્રજી જેવા ભારતીય પુરાતત્ત્વવિદોએ પણ અનેક પુરાણા અવશેષો શોધી ભારતીઓને દેશની સંસ્કૃતિની ભવ્યતાનો ખ્યાલ આપ્યો. પશ્ચિમના વિદ્વાનોએ ભારતીય સાંસ્કૃતિક વારસાને લગતી શોધખોળ કરી. ભારતના વિદ્વાનો પણ જોડાયા. પુસ્તકો પણ લખાયાં. ગૌરવપૂર્ણ સાહિત્ય અને સંશોધનથી દેશવાસીઓની રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત થઈ.

**આટલું જાણો**

પાશ્ચાત્ય વિદ્વાનો મેક્સમૂલર, વિલ્સન, ફર્ગ્યુસન, બુહલર, ફ્લીટ તથા ભારતીય વિદ્વાનો રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ ગો. ભાંડારકર, હરિપ્રસાદ શાસ્ત્રી વગેરેનાં લખાણોએ ભારતનાં વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત, ગીતા, સ્મૃતિ પુરાણો વગેરેનું મહત્ત્વ લોકોને સમજાવ્યું.

## હિન્દી રાષ્ટ્રીય મહાસભા (ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ)ની સ્થાપના

હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનામાં ઉપરનાં પરિબળો તથા કેટલીક પ્રાદેશિક સંસ્થાઓનો પણ ફાળો હતો. આ સંસ્થાઓએ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાની ભૂમિકા તૈયાર કરી.

**આટલું જાણો**

**હિંદી રાષ્ટ્રીય મહાસભા અગાઉનાં પ્રાદેશિક સંગઠનો :**

- બંગાળ બ્રિટિશ ઈન્ડિયન સોસાયટી - કોલકાતા (કલકત્તા)
- મદ્રાસ નેટિવ સભા - ચેન્નાઈ (મદ્રાસ)
- ઈન્ડિયન એસોસિયેશન - કોલકાતા
- બૉમ્બે એસોસિયેશન - મુંબઈ
- સાર્વજનિક સભા - પૂણે


એ.ઓ.હ્યુમ

સર એલન ઑક્ટેવિયન હ્યુમ (એ. ઓ. હ્યુમ) નામના નિવૃત્ત અંગ્રેજ અધિકારીને ખાતરી થઈ ચૂકી હતી કે બ્રિટિશ સામ્રાજ્ય ઉપરથી દેખાય એટલું સલામત નથી. તેઓ માનતા કે જનતામાં ફેલાયેલ અસંતોષને ઘટાડવામાં નહીં આવે, તો 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ જેવી ઘટના ફરીથી પણ બને. આ જનઆક્રોશ રોકવા તેમણે બંધારણીય સંસ્થા સ્થાપવાનું વિચાર્યું. તત્કાલીન વાઈસરૉય ડફરીનને સમજાવ્યા. નિવૃત્ત અધિકારીના વિચારને વાઈસરૉયનો પણ ટેકો મળ્યો.

એ. ઓ. હ્યુમના પ્રયત્નોથી ડિસેમ્બર, 1885માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના કરવામાં આવી. મુંબઈની ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં 28મી ડિસેમ્બર, 1885ના રોજ વ્યોમેશચંદ્ર બેનરજીના પ્રમુખપદે તેનું પ્રથમ અધિવેશન મળ્યું. તેમાં ભારતના જુદા-જુદા પ્રદેશોમાંથી 72 પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેમાં દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા, બદરૂદીન તૈયબજી, કે. ટી. તેલંગ, દિનશા વાચ્છા વગેરે મુખ્ય આગેવાનો હતા. દેશની અનેક સમસ્યાઓ પર ચર્ચાવિચારણા થઈ.



વ્યોમેશચંદ્ર બેનરજી



હિંદી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ) પ્રથમ અધિવેશન, મુંબઈ - 1885

**આટલું જાણો**

| અધિવેશન | સ્થળ | પ્રમુખ | વર્ષ | સભ્ય |
|---|---|---|---|---|
| બીજું | કોલકાતા | દાદાભાઈ નવરોજી | 1886 | 432 |
| ત્રીજું | મદ્રાસ | બદરૂદીન તૈયબજી | 1887 | 607 |

## મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી (1885-1905)

મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી બંધારણીય હતી. મહાસભાએ સરકાર સમક્ષ રાજકીય હકો, આર્થિક અને સામાજિક વિકાસ અને શૈક્ષણિક પ્રગતિ માટે કરેલી માંગણીઓને અંગ્રેજ સરકારે અવગણી હતી. આ માંગણીઓએ ભવિષ્યની લડત માટે મજબૂત પાયો નાખ્યો હતો. સરકારી નોકરીઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં લેવા, લશ્કરી અને મુલકી ખાતાંઓમાં થતો ખર્ચ ઘટાડવો, ખેડૂતોને દેવામાં રાહત આપવી, ગૃહઉદ્યોગોને સજીવન કરવા વગેરે માગણીઓ કરવામાં આવતી.

મહાસભા દ્વારા કેન્દ્રિય તેમજ પ્રાંતિક ધારાગૃહોનો વિસ્તાર કરીને તેમાં 50 ટકા સભ્યો ચૂંટાયેલા રાખવા તથા કારોબારીને શક્ય તેટલી હદે ધારાસભાને જવાબદાર બનાવવી - જેવા ઠરાવ પણ પસાર કરવામાં આવ્યા હતા. મહાસભાની રજૂઆતને લીધે સરકારે અખબારો પરનાં નિયંત્રણો દૂર કરી વ્યક્તિસ્વાતંત્ર્ય તથા વાણીસ્વાતંત્ર્ય આપતા કાયદાઓ પસાર કર્યા હતા. મહાસભાએ શિક્ષિતવર્ગમાં રાષ્ટ્રીય ચેતના જગાવીને તેને રાજકીય તાલીમ આપી. તેનાથી ભવિષ્યનાં સ્વાતંત્ર્યસંગ્રામો માટે યોગ્ય નેતાઓ મળ્યા.

**પ્રવૃત્તિ**

કોઈ પણ સામાજિક સંસ્થાની મુલાકાત લઈ તેની કાર્યપદ્ધતિ વિશે જાણો.

### 'ભાગલા પાડો અને રાજ કરો' (ડિવાઇડ ઍન્ડ રૂલ) :

હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપનાની શરૂઆતમાં અંગ્રેજ શાસકો તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા, પરંતુ થોડા સમયમાં જ તેઓ વિરોધી બન્યા. કૉંગ્રેસના અધિવેશનમાં શરૂમાં સરકારી અધિકારીઓ હાજર રહેતા. પાછળથી સરકારે તેમને કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા પર પ્રતિબંધ મૂક્યો. ગવર્નર જનરલ કર્ઝને રાષ્ટ્રીયતા વિરોધી કેટલાંક પગલાં ભર્યાં અને ભારતના લોકમતની અવગણના કરી. તેણે 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવીને બંગાળાનું ઈ.સ. 1905માં વાઇસરૉય કર્ઝને વિભાજન કર્યું.

### બંગાળાના ભાગલા (1905) :

બંગાળા બ્રિટિશ હિંદનો સૌથી મોટો પ્રાંત હતો. તેમાં બિહાર અને ઓરિસ્સાના કેટલાક પ્રદેશોનો સમાવેશ થતો. તેની વસ્તી 7 કરોડ 80 લાખથી વધુ હતી. આટલા મોટા પ્રાંતનો વહીવટ કરવાનું મુશ્કેલ હોવાથી તેનું વિભાજન કરવું જરૂરી હતું. આમ છતાં તે પ્રાંતમાંથી બિહાર અને ઓરિસ્સાના પ્રદેશ અલગ કરવાને બદલે મુસ્લિમ બહુમતીવાળા પૂર્વ બંગાળાને તેમાંથી અલગ કરવામાં આવ્યું. બંગાળા તે સમયે સૌથી વધુ જાગૃત પ્રાંત હતો. વાઇસરૉય કર્ઝન મુસ્લિમ બહુમતીને અલગ કરી હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોમવાદ ઊભો કરીને વધતી જતી રાજકીય જાગૃતિને નબળી પાડવા માગતો હતો. રાષ્ટ્રીય નેતાઓ અને લોકો સરકારનો ઈરાદો સમજી ગયા અને તેઓએ આ યોજનાનો ઉગ્ર વિરોધ કર્યો.

**વિચારો**

બંગાળાના ભાગલાથી કઈ-કઈ બાબતે નુકસાન થઈ શકે તેમ હતું ?

## બંગભંગનું આંદોલન :

બંગાળાની એકતાને તોડનારા આ ભાગલાનો વિરોધ કરવા બંગાળામાં જાહેર-સભાઓ અને સરઘસોના કાર્યક્રમો થયા. અસંખ્ય પત્રિકાઓ વહેંચાઈ. આ આંદોલનમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'આનંદમઠ' નવલકથાનું 'વંદેમાતરમ્' ગીત લડાઈનો નારો બની ગયું. આખા દેશમાં રાષ્ટ્રીય ભાવનાનું અભૂતપૂર્વ મોજું ફરી વળ્યું.


બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો, તે દિવસ બંગાળામાં 'શોકદિન' તરીકે ઊજવવામાં આવ્યો. આખા પ્રદેશમાં હડતાળ પાડવામાં આવી. રવીન્દ્રનાથ ઠાકુર(ટાગોર)ના સૂચનથી તે દિવસને 'એકતાદિન' તરીકે પણ ઊજવવામાં આવ્યો.

## સ્વદેશી આંદોલન :

બંગભંગની લડતને ઉગ્ર અને વ્યાપક બનાવવાનું નક્કી થયું. આ ચળવળનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : (1) સ્વદેશી માલનો વેપાર કરવો (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો (3) રાષ્ટ્રીય શિક્ષણ લેવું.

આ ઉદ્દેશોને હાંસલ કરવા બંગાળના લોકોએ વ્યાપક લડત ચલાવી. એક લડતસમિતિની રચના કરવામાં આવી. તેમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ અને અરવિંદ ઘોષ જેવા કૉંગ્રેસના આગળ પડતા નેતા હતા. વિદેશી કાપડ અને અન્ય ચીજવસ્તુનો બહિષ્કાર કરી સ્વદેશી માલ વાપરવા લોકોને આગ્રહ કરવામાં આવ્યો. સ્વદેશી માલના ફાયદા સમજાવવામાં આવ્યા. વર્તમાનપત્રોનાં લખાણો, સરઘસો, જાહેરસભાઓ અને લોકગીતો દ્વારા સ્વદેશીનો પ્રચાર કરવામાં આવ્યો. સ્વદેશી માલ બનાવનારાં કારખાનાં શરૂ થયા. ઈંગ્લૅન્ડથી આયાત થતા કાપડ, મીઠું, ખાંડ, બૂટ, સિગારેટ, તમાકુ વગેરેની આયાતો ઘટી અને ભારતમાં બનેલા કાપડ અને અન્ય ચીજવસ્તુનું વેચાણ વધ્યું. સ્વદેશી ચળવળ બંગાળા ઉપરાંત હિંદના અન્ય પ્રાંતોમાં પણ ફેલાઈ.

### પ્રવૃત્તિ

(1) ધારો કે તમે ઈ.સ. 1905ના સમયના વિદ્યાર્થી છો. દેશમાં સ્વદેશીની ચળવળ ચાલે છે. આ ચળવળમાં લોકોને જોડાવા આહ્વાન કરતાં પોસ્ટર બનાવો.

(2) હાલ તમારી આસપાસ જોવા મળતી ચીજવસ્તુઓમાંથી સ્વદેશી અને વિદેશી ચીજવસ્તુઓની યાદી બનાવો.

## રાષ્ટ્રીય શિક્ષણ :

સ્વદેશી અને બહિષ્કાર સાથે સંકળાયેલું 1905ના આંદોલનનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ રાષ્ટ્રીય શિક્ષણનું હતું. બંગભંગની ચળવળમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી વિદ્યાર્થીઓને સામૂહિક દંડ કરવાથી માંડીને તેમને શાળા-કૉલેજમાંથી કમી (બરતરફ) કરવા સુધીનાં પગલાં ભરવામાં આવ્યાં, પરિણામે વૈકલ્પિક શિક્ષણ તરીકે રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરવામાં આવી. બંગાળામાં ઈ.સ. 1907માં 25 રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ હતી. રવીન્દ્રનાથ ટાગોરે ઈ.સ. 1901માં શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાલય શરૂ કરી. અંગ્રેજ સરકાર બંગભંગની લડતને તોડી પાડવામાં નિષ્ફળ રહી. છેવટે ઈ.સ. 1911માં અંગ્રેજ સરકારને બંગાળાના ભાગલા રદ કરવાની ફરજ પડી. બંગાળની પ્રજાનો શાંત અને અહિંસક માર્ગે મેળવેલો આ એક યાદગાર અને ઐતિહાસિક વિજય હતો.

**આટલું જાણો**

રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનમાં શરૂ કરેલી વિશ્વભારતી વિદ્યાલયને ઈ.સ. 1951માં કેન્દ્રિય વિશ્વભારતી વિશ્વવિદ્યાલયનો દરજ્જો મળ્યો. જ્યાં વિદ્યાર્થીઓને સ્વાવલંબી અને જીવનવ્યવહારના પાઠ શીખવવામાં આવે છે.

### જહાલવાદનો ઉદય :

દાદાભાઈ નવરોજી, સુરેન્દ્રનાથ બેનરજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા વગેરે નેતાઓ બંધારણીય માર્ગે રાજકીય હકો મેળવવા પ્રયત્ન કરતા હતા. તેઓએ તેમના સમય પ્રમાણે મવાળ (નરમ) વલણ અપનાવ્યું હોવાથી 'મવાળવાદી' તરીકે ઓળખાયા. મવાળવાદી નેતાઓએ હિંદના સુશિક્ષિત મધ્યમવર્ગને સંગઠિત કરી મજબૂત રાષ્ટ્રીય ચેતના માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી. તેમણે સ્વશાસન, સમાનતા, લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોનું ભારતીય પ્રજામાં બીજારોપણ કરવાનું કાર્ય કર્યું. તેમની કામગીરીના પરિણામસ્વરૂપ જાગૃત થયેલો હિંદનો યુવાવર્ગ ઉત્સાહી, આક્રમક અને આત્મવિશ્વાસથી સભર હતો. તેમને હવે મવાળ નીતિને બદલે આક્રમક નીતિ અખત્યાર કરવાની જરૂરિયાત લાગી.



દાદાભાઈ નવરોજી



સુરેન્દ્રનાથ બેનરજી



ગોપાલકૃષ્ણ ગોખલે


**મવાળવાદી નેતાઓ**

મવાળવાદી નેતાઓના મતની વિરુદ્ધ 'લાલ, બાલ અને પાલ'ની ત્રિપુટીથી ઓળખાતા લાલા લજપતરાય (પંજાબ), બાળ ગંગાધર ટિળક (મહારાષ્ટ્ર) અને બિપિનચંદ્ર પાલ (બંગાળ) જેવા નેતાઓ સ્વરાજને ઈનામ તરીકે નહીં, પણ હકથી મેળવવા માગતા હતા. તેઓ સક્રિય આંદોલનમાં માનનાર ઉગ્ર વલણના હોવાથી 'જહાલવાદી' કહેવાયા.

**જહાલવાદી નેતાઓ**

### લોકમાન્ય ટિળક (1856-1920) :

લોકમાન્ય ટિળક તરીકે પ્રસિદ્ધ થયેલા બાળગંગાધર ટિળક જહાલવાદના મુખ્ય નેતા હતા. તેમણે એક મંત્ર આપ્યો 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીને જ જંપીશ.' તેમણે 'ગણેશચતુર્થી' અને 'શિવાજીજયંતી' ઉત્સવો ઊજવવાનું શરૂ કર્યું. તેમણે મરાઠી ભાષામાં 'કેસરી' અને અંગ્રેજી ભાષામાં 'મરાઠા' નામનાં બે વર્તમાનપત્રો શરૂ કર્યાં. તેની ખૂબ સારી અસર થઈ. ઈ.સ. 1916માં 'હોમરૂલ ચળવળ'માં તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી.



લોકમાન્ય ટિળક

**વિચારો**

લોકમાન્ય ટિળકે 'ગણેશચતુર્થી' અને 'શિવાજીજયંતી' ઊજવવાનું શા માટે શરૂ કર્યું ?

### લાલા લજપતરાય (1856-1928) :



લાલા લજપતરાય

લાલા લજપતરાય શેર-એ-પંજાબ તરીકે જાણીતા બન્યા હતા. તેમણે 'ધી પંજાબી' અને 'ધી પ્યુપિલ' જેવાં વર્તમાનપત્રો શરૂ કર્યાં હતાં. ઈ.સ. 1928માં તેમણે સાયમન કમિશનનો વિરોધ કર્યો હતો. પોલીસની લાઠીઓના પ્રહાર થયા, ત્યારે તેમણે કહ્યું હતું, 'મારા ઉપર કરેલા લાઠીના એકએક પ્રહાર બ્રિટિશ સામ્રાજ્યના કફનની ખીલી બની રહેશે.' તેમને દવાખાનામાં દાખલ કરવા પડ્યા. ત્યાં તેમનું અવસાન થયું.

### બિપિનચંદ્ર પાલ (1858-1932) :



બિપિનચંદ્ર પાલ

લાલ, બાલ અને પાલની ત્રિપુટીના ત્રીજા બંગાળી નેતા બિપિનચંદ્ર પાલ હતા. શરૂઆતમાં તેઓ બ્રહ્મોસમાજના સંપર્કમાં આવ્યા હતા. તેમણે 'ન્યૂ ઇન્ડિયા' સાપ્તાહિક અને 'વંદેમાતરમ્' વર્તમાનપત્ર શરૂ કર્યું હતું. અંગ્રેજ સરકારે યુવાનોને હિંસક માર્ગે ઉશ્કેરવાનો તેમના પર આરોપ મૂક્યો હતો. તેઓ પ્રચંડ લોકઆંદોલન દ્વારા સ્વરાજ પ્રાપ્ત કરવાના હિમાયતી હતા.

### મુસ્લિમ લીગની સ્થાપના (1906) :

અંગ્રેજોએ ભારતમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી હતી. ભારતમાં ઉગ્ર રાષ્ટ્રવાદ ઝડપથી ફેલાતો હતો, ત્યારે અંગ્રેજોએ રાષ્ટ્રીય ચેતનાને તોડવાનો પ્રયત્ન કર્યો. ભારતમાં મુસ્લિમોના એક જૂથને સમજાવવામાં અંગ્રેજો સફળ રહ્યા. પરિણામે ઈ.સ. 1906માં ઢાકામાં 'મુસ્લિમ લીગ'ની સ્થાપના થઈ. આ સંસ્થાની સ્થાપનામાં મુસ્લિમોના ધાર્મિક વડા આગાખાન, ઢાકાના નવાબ સલીમુલ્લાખાં, વાઇસરૉય મિન્ટો અને તેના ખાનગી મંત્રી ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### હોમરૂલ આંદોલન (1916) :



એની બેસન્ટ

એપ્રિલ, 1916માં બાળગંગાધર ટિળકે પૂનામાં 'ઇન્ડિયન હોમરૂલ લીગ'ની સ્થાપના કરી. ટિળકે જાહેર કર્યું કે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને તે હું મેળવીને જ જંપીશ.' ટિળકે 'કેસરી' અને 'મરાઠા' અખબારમાં લેખો લખ્યા. ભાષણો આપ્યાં અને લોકમત મેળવ્યો. આ સમય દરમિયાન ટિળકને 'લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા. એની બેસન્ટે મદ્રાસમાં સપ્ટેમ્બર, 1916માં 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી. આ બંને સંસ્થાઓનો હેતુ બંધારણીય માર્ગે હોમરૂલ (ગૃહ સ્વરાજ) મેળવવાનો હતો. એની બેસન્ટે તેમના સાપ્તાહિક 'ધી કૉમનવીલ' અને દૈનિક 'ન્યુ

ઇન્ડિયા'માં લેખો લખ્યા. એની બેસન્ટે બ્રિટિશ સરકારને હિન્દને 'જવાબદાર રાજ્યતંત્ર' અને 'ગૃહસ્વરાજ્ય' વહેલી તકે આપવા અનુરોધ કર્યો. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે હોમરૂલ આંદોલનને ટેકો આપ્યો. અંગ્રેજ સરકાર એની બેસન્ટની ચળવળથી ચોંકી ઊઠી. મદ્રાસ સરકારે એની બેસન્ટની ધરપકડ કરી. તેમને ઉટાકામંડમાં નજરકેદ રાખવામાં આવ્યાં. એની બેસન્ટને મુક્ત કરાવવા દેશમાં સભાઓ અને સરઘસો દ્વારા ઠેરઠેર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. છેવટે અંગ્રેજ સરકારને તેમને છોડી દેવાની ફરજ પડી.

**આટલું જાણો**

એની બેસન્ટને ડિસેમ્બર, 1917માં કોલકાતા મુકામે ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં સૌપ્રથમ મહિલા પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં.

### લખનૌ કરાર (1916) :

ઈ.સ. 1915માં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે એક સાથે મુંબઈમાં અધિવેશન ભર્યું. એક વર્ષ પછી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે તેમનાં વાર્ષિક અધિવેશન એકસાથે લખનૌમાં રાખ્યાં. લખનૌમાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં લોકમાન્ય ટિળકે હાજરી આપી. ઈ.સ. 1907માં સુરત કૉંગ્રેસ અધિવેશનમાં મવાળવાદી તથા જહાલવાદી જૂથ અલગ પડ્યાં હતાં. તે હવે એક થઈ ગયાં. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગના નેતાઓએ ઈ.સ. 1916માં લખનૌ મુકામે સમજૂતી કરીને કરાર કર્યો. તે 'લખનૌકરાર' તરીકે જાણીતો થયો. આ કરારથી કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે રાજકીય પક્ષો તરીકે રાષ્ટ્રના હિતને મહત્ત્વ આપ્યું, તેથી સ્વરાજ માટેની લડતને બળ મળ્યું.

### સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

સુભાષચંદ્ર બોઝનો જન્મ 23મી જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક મુકામે થયો હતો. તેમની માતાનું નામ પ્રભાવતી અને પિતાનું નામ જાનકીનાથ બોઝ હતું. બાળપણથી જ તેઓ તીવ્ર બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. ઈ.સ. 1920માં લંડનમાં આઇ.સી.એસ.ની પરીક્ષામાં ચોથા નંબરે પાસ થયા. ભારતમાં આવ્યા પછી હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)માં જોડાયા. દેશની સ્વાતંત્ર્ય-ચળવળોમાં ભાગ લીધો. અગિયાર વખત રાજકીય કેદી તરીકે પકડાયા. ઈ.સ. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સુભાષચંદ્ર બોઝ કૉંગ્રેસના પ્રમુખ બન્યા. ત્યાર બાદ ઈ.સ. 1939માં ત્રિપુરામાં મળેલ કૉંગ્રેસ અધિવેશનમાં બીજી વાર પ્રમુખ બન્યા. કેટલાક મતભેદોને કારણે તેમણે પ્રમુખપદેથી રાજીનામું આપ્યું.


સુભાષચંદ્ર બોઝ

મે, 1939માં સુભાષચંદ્ર બોઝે ફોરવર્ડ બ્લૉક નામના નવા રાજકીય પક્ષની રચના કરી. યુરોપમાં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. ફોરવર્ડ બ્લોકે યુદ્ધવિરોધી પ્રચાર શરૂ કર્યો. સુભાષચંદ્ર અને તેમના સાથીઓને સરકારે જેલમાં પૂર્યા. સુભાષચંદ્ર બોઝ ઉપવાસ પર ઊતર્યા. તેમની તબિયત લથડતાં સરકારે જેલમાંથી મુક્ત કર્યા. તેમના જ મકાનમાં નજરકેદ રાખ્યા.

17મી જાન્યુઆરી, 1941ના રોજ મધ્યરાત્રિએ સુભાષચંદ્ર બોઝ અંગ્રેજ સરકારની નજરકેદમાંથી છટક્યા. તેઓ વેશપરિવર્તન કરી પેશાવર, કાબૂલ અને

મૉસ્કો થઈ બર્લિન ગયા. બર્લિન પહોંચી રેડિયો પરથી પ્રવચન આપતાં અંગ્રેજ સરકાર ચોંકી ઊઠી. ત્યાંથી તેઓ સુમાત્રા થઈને જાપાન ગયા.

**આટલું જાણો**

જર્મની તથા જાપાન અંગ્રેજોના દુશ્મન દેશો હતા. આ સંજોગોનો લાભ લઈ સુભાષચંદ્ર બોઝે જર્મનીના વડા હિટલર તથા જાપાનના વડાપ્રધાન ટોજો સાથે વાતચીત ચલાવેલી. જાપાન વધુ મદદરૂપ થઈ શકે તેમ છે, તેમ વિચારી તેમણે એશિયાઈ દેશમાંથી લડત આપવાનો નિર્ણય કર્યો.

### આઝાદ હિંદ ફોજના સુકાની પદે :

બ્રિટિશ લશ્કરના ભારતીય અમલદાર **કૅપ્ટન મોહનસિંગે** જાપાનને શરણે ગયેલા ભારતીય સૈનિકોમાંથી 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી. જાપાન સરકાર તથા **રાસબિહારી બોઝ** વચ્ચે મતભેદ થતાં મોહનસિંગને રાજીનામું આપવાની ફરજ પડી. 'આઝાદ હિંદ ફોજ'નું ભાવિ થોડા સમય માટે અનિશ્ચિત બની ગયું. રાસબિહારી બોઝે સર્વસંમતિથી 4 જુલાઈ, 1943ના રોજ 'આઝાદ હિંદ ફોજ'ના સર્વોચ્ચ નેતા તરીકે સુભાષચંદ્ર બોઝની વરણી કરી. સર્વ સત્તા તેમને સુપરત કરી. જુલાઈ, 1943માં સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું સુકાનીપદ સંભાળ્યું. તેમને **'નેતાજી'**નું હુલામણું નામ આપવામાં આવ્યું. નેતાજીએ ફોજને **'ચલો દિલ્લી'નું સૂત્ર** આપ્યું. તેમણે ભારતને **'જયહિંદ'નો મંત્ર** આપ્યો.

તેમણે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોનો પ્રવાસ કરીને ત્યાંના ભારતીયો પાસે માતૃભૂમિની સ્વતંત્રતા માટે તેમના સર્વસ્વનું બલિદાન આપવાની માગણી કરી. **'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'** સૂત્ર દ્વારા આઝાદી માટે આહ્વાન કર્યું.



સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજના સાથીદારો

**પ્રવૃત્તિ**

ભારતની વિવિધ રાષ્ટ્રીય ચળવળો સમયે પ્રચલિત બનેલ સૂત્રોની યાદી બનાવો.

## કામચલાઉ સરકાર :

ઑક્ટોબર, 1943માં સુભાષચંદ્ર બોઝે સિંગાપુરમાં કામચલાઉ સરકાર (આરઝી હકૂમતે આઝાદ હિંદ)ની સ્થાપના કરી. સુભાષચંદ્ર બોઝે લશ્કરના સર્વોચ્ચ વડા તરીકેનો હોદ્દો સંભાળ્યો. કામચલાઉ સરકારે ઇંગ્લૅન્ડ અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

## આઝાદ હિંદ ફોજની કામગીરી :

સુભાષચંદ્ર બોઝ આઝાદ હિંદની કામચલાઉ સરકારના વડા બન્યા પછી આઝાદ હિંદ ફોજનું પુનઃ આયોજન કર્યું. તેમણે સૈનિકોને સઘન તાલીમ આપી. સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં અલગ અલગ લશ્કરી ટુકડી ઊભી કરી.

**આટલું જાણો**

સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજમાં ચાર લશ્કરી ટુકડીઓ ઊભી કરેલી, જેનાં નામ તેમણે ગાંધી, સુભાષ, નહેરુ અને આઝાદ આપેલાં. તેમણે સ્ત્રીઓની એક અલગ લશ્કરી ટુકડી ઊભી કરી હતી, જેનું નામ તેમણે 'ઝાંસીની રાણી' આપ્યું હતું અને તેનું નેતૃત્વ કૅપ્ટન લક્ષ્મી સેહગલે કર્યું હતું.

આઝાદ હિંદ ફોજે ભારતની પૂર્વ સરહદે આરાકાન અને ઇમ્ફાલ વિભાગમાં કેટલાક વિજયો મેળવ્યા. ત્યાર બાદ પુરવઠાની ભયંકર તંગી અને ભારે વરસાદને કારણે ફોજને પીછેહઠ કરવી પડી. જાપાન ઉપર અમેરિકા દ્વારા અણુબૉમ્બ ફેંકાયા. જાપાન હાર્યું. યુદ્ધની પરિસ્થિતિ બદલાઈ અને આઝાદ હિંદ ફોજનું ભવિષ્ય રહ્યું નહિ. ચારેક હજાર સૈનિકોની ખુવારી થઈ અને 25,000 સૈનિકો કેદ પકડાયા.

**વિચારો**

કલ્પના કરો કે 'આઝાદ હિંદ ફોજ'ને સંપૂર્ણ સફળતા મળી હોત તો ?

નેતાજીની પ્રતિજ્ઞા હતી કે 'હું ગુલામ હિંદુસ્તાનમાં પગ મૂકીશ નહિ.' નેતાજી રંગૂન અને બૅંગકોક છોડીને વિમાનમાર્ગે આગળ વધ્યા. જાપાને કરેલી જાહેરાત મુજબ 18 ઑગસ્ટ, 1945ના રોજ ફોર્માસાના તાઇપેઇ વિમાની મથકથી વિમાન ઊપડ્યું; તરત જ તેને આગ લાગી. નેતાજી સખત દાઝ્યા અને અવસાન પામ્યા એવું કહેવાય છે.